# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ:-01** **તા.17-09-2021**

## પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના રાજકીય તથા સામાજીક જીવનને વણી લેતી પ્રદર્શની ખુલ્લી મુકવામાં આવી.

---

## ગુજરાત ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો તેમજ ગુજરાતના સહકારી ક્ષેત્રના આગેવાનો સાથે મળીને 71 લાખ વૃક્ષો વાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.– શ્રી સી.આર.પાટીલ

---

## 71 જેટલા બાળકોને ઓપન હાર્ટ સર્જરીની જરૂર છે તેવા બાળકોના ઓપરેશન અમદાવાદ ખાતે કરવામાં આવશે :– શ્રી સી.આર.પાટીલ

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તારીખ 17 સપ્ટેમ્બર 2021ના રોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના 71માં જન્મ દિવસ તથા સમગ્ર દેશની જનતાના આશીર્વાદથી લોક સેવાના સફળતા પુર્વક 20 વર્ષ પૂર્ણ થયા તે નીમિત્તે પ્રદર્શની રાખવામાં આવી છે. આ પ્રદર્શનની ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.. આ પ્રદર્શનીમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ગુજરાત સહિત દેશભરમાં કરેલા વિવિધ કાર્યો, યોજનાઓ, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરેલ ઐતિકાસિક નિર્ણયોની ઝલક આ પ્રદર્શનીમાં મુકવામાં આવી છે.

આ પ્રસંગે પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ સાહેબે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મદિવસ નીમિત્તે શુભેચ્છા આપતા અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા 20 દિવસ કરવામાં આવેલ વિવિધ કાર્યક્રમની માહીતી આપતા જણાવ્યું કે, આજે ગુજરાત સહિત સમગ્ર દેશ-વિદેશમાંથી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને શુભેચ્છા પાઠવી રહ્યા છે. આજથી ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મ દિવસની ઉજવણી વિવિધ લોક સેવાકીય કાર્યો 17 સપ્ટેમ્બરથી લઇ 7 ઓક્ટોબર સુધી કરવામાં આવી રહ્યા છે જેમાં આજે સવારે અંદાજે 28 હજાર યુવાનોને વિમા યોજનના ફોર્મ ભરાવવામાં આવ્યા છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શ્રી સી.આર.પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો સાથે ગુજરાતના સહકારી ક્ષેત્રના આગેવાનો સાથે મળીને 71 લાખ વૃક્ષો વાવવાનું આયોજન કરવામાં આવ્યું છે તથા ગુજરાતભરમાં 71 લાખ જેટલી નોટબુક જરૂરિયાત મંદ ગરિબ બાળકોને વિતરણ કરવામાં આવશે અને 71 જેટલા બાળકો કે જેમને ઓપન હાર્ટ સર્જરીની જરૂર છે તેવા બાળકોના ઓપરેશન અમદાવાદ ખાતે કરવામાં આવશે જેમાં સરકારની યોજના, હોસ્પિટલની રાહત અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા દ્વારા મદદ કરવામાં આવશે. શ્રી સી.આર.પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે, આજે ગુજરાત ભરમાંથી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને શુભેચ્છા મોકલતા 25 લાખ જેટલા પોસ્ટ કાર્ડ લખવામાં આવી રહ્યા છે. વડોદરામાં પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની 71 કિલોની કેક પણ બનાવવમાં આવી છે સાથે બલ્ડ કેમ્પ, મેડિકલ ચેકઅપ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે તેમ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ સાહેબ સહિત પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા, પ્રદેશ મંત્રીશ્રી મહેશભાઇ કસવાલા, ગાંધીનગર શહેર પ્રમુખશ્રી રૂચિરભાઇ ભટ્ટ, પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી ડૉ.યજ્ઞેશભાઈ દવે, પ્રદેશ સોશિયલ વિભાગના સહ કન્વીનરશ્રી મનનભાઇ દાણી સહિતના હોદેદારો અને મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org






**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




